બીએસએફ ગુજરાત દ્વારા પેરા સ્પોર્ટ્સ ટેલેન્ટ હન્ટ

બીએસએફ, ગુજરાત દ્વારા આદિત્ય મહેતા ફાઉન્ડેશનના સહયોગથી ૪થા દિવ્યાંગ પેરા સ્પોર્ટ્સ ટેલેન્ટ હન્ટ અને રાષ્ટ્રીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રશિક્ષણ શિબિરમાં દેશભરના ૧૨૭ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

૧૦મી જૂનના રોજ સાંજે ૬ કલાકે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ, બીએસએફ હેડક્વાર્ટર, ગાંધીનગર ખાતે ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. રાજ્યના ખેલમંત્રી ઈશ્વરસિંહ ઠાકુરે આ શિબિરને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે બેન્ડ સેલ્યુટ અને બીએસએફ જવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ શિબિર અંતર્ગત સાઈકલિંગ, સ્વિમિંગ, બેડમિંટન, ફૂટબોલ, વૉલીબૉલ, શૂટિંગ, સ્કેટિંગ વગેરે રમતોનું પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

ગ્રીન કિતાબ ફાઉન્ડેશન દ્વારા

યોગ દિવસ નિમિત્તે માઈન્ડફુલ મેડિટેશન

ગાંધીનગર, તા. ૧૨

ગ્રીન કિતાબ ફાઉન્ડેશન દ્વારા યોગ દિવસ નિમિત્તે માઈન્ડફુલ મેડિટેશનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે કે સંસ્થા છેલ્લાં ૩ વર્ષથી એસ્ટ્રો-સ્પીરીચ્યુઅલ ક્ષેત્રમાં કાર્યરત છે. આ ફાઉન્ડેશન દ્વારા અવારનવાર જુદા જુદા વિષય આધારિત યોગા-મેડિટેશનના સેમિનાર યોજવામાં આવે છે. ફાઉન્ડેશનનો મુખ્ય હેતુ આજના તનાવભર્યા વાતાવરણમાં લોકોને માનસિક રીતે સ્થિરતા અને સ્વસ્થતા સાથે કઈ રીતે જીવી શકાય તેની ભારતીય પ્રાચીન પધ્ધતિ આધારિત અદ્યતન ટેકનીક શિખવવામાં આવે છે, જેથી વ્યક્તિ વધુ ને વધુ હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસમાં રહે.

તા. ૨૧ જૂન ને ગુરુવારના રોજ સવારે ૮.૩૦થી ૧૦ દરમિયાન માઈન્ડફુલ મેડિટેશન અને 'દેવામાંથી મુક્તિ' વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. રજિસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર ૭૬૨૧૯ ૪૦૧૨૧ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક કરવા અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને મહાનગર પાલિકાના સહયોગથી

હેત ફાઉન્ડેશન દ્વારા શનિવારે ગુજરાતી ગીત-સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના ઈતિહાસમાં પહેલી વાર ૨-૨ વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત કરી, હેત ફાઉન્ડેશન અને સ્વર ધડકન મ્યુઝીકલ ગ્રુપ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી તારીખ ૧૫મી જુન ને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે, આંબેડકર હોલ ખાતે ગુજરાતી સંસ્કૃતિ અને ગુજરાતી ગીત - સંગીતને જાળવવા અને નવી પેઢી એનો વારસો જાળવી રાખે એવા વિચારથી ગુજરાતી ફિલ્મી અને નોનફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજી રહ્યા છે. આ કાર્યક્રમ લાઈવ ઓરકેસ્ટ્રા સાથે રજૂ થશે.

કાર્યક્રમમાં ગાંધીનગરના ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલ અને એને આગળ લઈ જવા માટે યોગદાન આપનારા કલાકારોનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર રીટાબેન કેતનકુમાર પટેલ અને મહેમાન તરીકે કલ્ચરલ ફોરમ અને ગાંધીનગર સમાચારના અગ્રણી કૃષ્ણકાન્ત જહા, ખાસ મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાના નાયબ મેયર નાજા ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા તથા ગુજરાતી ફિલ્મ કલાકાર અરવિંદ વગડા, જીતેન્દ્ર ઠક્કર, જનક ઠક્કર, સુખદેવ ગઢવી, રાકેશ પુજારા, સમીર-માના રાવલ, રાજ સીનેજીયા, હેતલ ઠક્કર, પ્રકાશ જાડાવાલા તથા ગાંધીનગરના સફળ બિઝનેસમેન ભરત ઠક્કર ઉપસ્થિત રહશે. કાર્યક્રમ જાહેર જનતા માટે ખુલ્લો છે. ગીત-સંગીતના સૌ રસિકોને કાર્યક્રમ માણવા હેત ફાઉન્ડેશન વતી સંજય તન્નાએ આમંત્રણ પાઠવ્યું છે.

જન્મદિને વધામણી

ભાર્ગવી
શૈલેષકુમાર ઠાકોર

ધ્રુવિલ રશ્મિકાંત પટેલ
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬

સ્વર વી પટેલ
મો. ૯૭૨૫૮ ૭૦૩૨૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

લંડનમાં આચાર્ય સ્વામીનું જાજરમાન સ્વાગત

ગાંધીનગર, તા. ૧૨

બ્રિટનના હાર્ટ સમા પાટનગર લંડનના વર્લ્ડ બિઝીએસ્ટ ઈન્ટરનેશનલ હિથ્રો એરપોર્ટ માટે એમ કહેવાય છે કે દર મીનીટે અહીં ફ્લાઈટ ટેકઓફ અને લેન્ડીંગ કરે છે. આવા વિશ્વના સૌથી વ્યસ્ત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વૈશ્વિક આધ્યાત્મિક લીડર, એવા મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન - શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હિથ્રોના વરિષ્ઠ અધિકારીઓએ ઉમળકાભેર જાજરમાન સ્વાગત કર્યું હતું. ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ એસોસિએશન દ્વારા "વર્લ્ડ પીસ એમ્બેસેડર" પદવીથી સન્માનિત થયા બાદ પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજ પ્રથમવાર યુનાઈટેડ કિંગડમની રાજધાની લંડન પધારતાં હોઈ હિથ્રો ઈન્ટરનેશનલ એરપોર્ટના વરિષ્ઠ અધિકારી હોવી એડન, હિથ્રોના ચેપ્લેન્સી, પંડિત રમેશ કે. શર્મા સહિતના મહાનુભાવોએ હિથ્રો એરપોર્ટ વતી "વર્લ્ડ પીસ એમ્બેસેડર" મહારાજનું હૈયાના હેતથી સ્વાગત કર્યું હતું. સ્વામી મહારાજ વિશ્વમાં આધ્યાત્મિક, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોના જતન માટે તથા યુકેમાં શાંતિ, એકતા અને ધૈર્ય - સહિષ્ણુતાનો સંદેશો પ્રસરાવવા માટે ભગીરથ કાર્યો કરે છે. તેમણે ઈંગ્લેન્ડની રાજધાની લંડનના કિંગ્સબરીમાં વિશ્વના એકમાત્ર "ઈકો ફ્રેન્ડલી" શ્રી સ્વામિનારાયણ મંદિરનું સર્જન કર્યું છે. જેના આ પાવનકારી વિચરણ દરમ્યાન પાંચમો પ્રતિષ્ઠોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તર-પશ્ચિમ લંડનના મંદિરોમાંથી આ એક એવું મંદિર છે કે જેમાં સામાજિક સેવાઓ પણ પુરી પાડવામાં આવે છે. આ અનન્ય સ્વાગત સમારંભ દરમ્યાન વિશ્વ પ્રસિદ્ધ શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્કોટીશ પાઈપ બેન્ડના નવયુવાનોએ કર્ણપ્રિય સંગીતના સૂરો છેડ્યા હતા. જેને નિહાળવા મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટ્યા હતા. આ એક ઐતિહાસિક અને અવિસ્મરણીય પ્રસંગ હતો.

શનિવારે અમદાવાદમાં ઈદમ વિનોદમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા તારીખ ૧૫મી જૂન ને શનિવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે, જે. બી. ઑડિટોરિયમ, એ.એમ.એ, આઈ.આઈ.એમ રોડ, અમદાવાદ ખાતે 'ઈદમ્ વિનોદમ્' શીર્ષક હેઠળ વિનોદ ભટ્ટના ત્રણ પુસ્તકો 'ઈદમ ચરિત્રમ્','મારું વહાલું અમદાવાદ' તેમજ 'અને હવે ઈતિ-હાસ'ના લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.



કાર્યક્રમનો પ્રારંભ જાણીતા સંગીતકાર-ગાયક કલાકાર શ્યામલ-સૌમિલ મુનશી હાસ્ય-વંદનાથી કરશે. વિનોદ ભટ્ટ સાથેના સુમધુર સંસ્મરણોની વાત કવિ માધવ રામાનુજ, ભાગ્યેશ જહા,પત્રકાર અજય ઉમટ અને કૃષ્ણકાંત ઉનડકટ કરશે. લોકાર્પણ થયેલ પુસ્તકો વિશે હાસ્યલેખક રતિલાલ બોરીસાગર અને ઉર્વીશ કોઠારી વિગતે વાત કરશે. વિનોદ ભટ્ટના પુત્ર સ્નેહલ ભટ્ટ આભારવિધિ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ રઈશ મનીઆર કરશે.

આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી. સાહિત્યપ્રેમીઓને લાભ લેવા માટે આયોજક સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીજીનો વિનોદ

॥ પપમો મણકો ॥

૧૩૭ - યોગી જેમ વર્ત્યા

કોંકણના પ્રવાસ દરમિયાન ગાંધીજી લાંગે નામના ગામડામાં રાતે બાર વાગ્યે પહોંચ્યા. તેમના આગમનની રાહ જોઈ લોકો પણ સભાસ્થાને આતુરતાથી બેસી રહ્યા હતા.

તેમની સમક્ષ બોલતાં ગાંધીજીએ કહ્યું આટલી મોડી રાત સુધી તમે મારી રાહ જોતાં બેસી રહ્યાં તે માટે મારે તમારી દયા ખાવી કે મારી જાતની દયા ખાવી, તે હું જાણતો નથી પણ આપણે ગીતાના યોગી જેમ વર્ત્યાં છીએ.

યા નિશા સર્વભૂતાનામ તસ્યામ જાગર્તિ સંયમી।
યસ્યામ્ જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુને : ॥

આ યોગ માટે હું તમને અભિનંદન આપું છું. પણ તમે ગરીબો માટે ફાળો આપીને અને ખાદી ખરીદીને સાચા યોગી છો એ બતાવો તો તમે મારાં અભિનંદનનાં વધુ અધિકારી બનશો.

ગાંધીજીની આ રમૂજી ટીકાથી સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું. લોકોએ હોંશથી ગરીબો માટે ફાળો આપ્યો.

૧૩૮ - મને પ્રમોશન મળ્યું

રંગદ્વેષની નીતિ સામે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ અનેક વાર કાયદાનો સવિનય ભંગ કરી સત્યાગ્રહ કર્યો હતો અને ધરપકડ પણ વહોરી હતી. ધરપકડનું કામ પોલીસ અમલદારો કરતા હતા. પણ એક વાર ગાંધીજી સત્યાગ્રહ કરવાના હતા ત્યારે મૅજિસ્ટ્રેટ જાતે જ વૉરંટ લઈ તેમની ધરપકડ કરવા આવ્યા. ગાંધીજીને ધરપકડનું વૉરંટ બતાવી તે બોલ્યા, વારુ, મિ. ગાંધી. હવે તમે મારા કેદી છો.

ગાંધીજીને મેજિસ્ટ્રેટના આ પગલાથી આશ્ચર્ય થયું. પછી હસતાં હસતાં તેમણે ઉમેર્યું, સામાન્ય પોલીસ અધિકારીને મારી ધરપકડ માટે મોકલવાને બદલે મૅજિસ્ટ્રેટ જાતે જ પધારે એનો અર્થ એ થયો કે હવે મને પ્રમોશન મળ્યું છે. ગાંધીજીના વિનોદી હાજરજવાબીપણાથી પેલો મૅજિસ્ટ્રેટ ભોંઠો પડી ગયો.

૧૩૯ - ઇન્જેક્શન લેવાની ના પાડી

એક વાર ગાંધીજી માંદા પડ્યા હતા. ડૉક્ટરે તેમને તપાસીને કહ્યું કે પેનિસિલિનનું એક ઈન્જેક્શન આપવાની ખાસ જરૂર છે.

ગાંધીજી આવાં ઈન્જેક્શનો લેવાની વિરુદ્ધ હતા. નિસર્ગોપચાર પણ તેમને વધુ વિશ્વાસ હતો અને તેથીય વધુ વિશ્વાસ રામનામ પર હતો. તેથી તેમણે ઈન્જેક્શન લેવાની ના પાડી. ડૉક્ટર મુંઝાયા, પણ તેમણે પોતાનો આગ્રહ જારી રાખતાં કહ્યું કે, તમે ઈન્જેક્શન લેશો તો ત્રણ દિવસમાં સારા થશો, નહીં તો ત્રણ મહિના લાગશે.

ગાંધીજી : મારે માટે એ જ યોગ્ય છે. મને કોઈ ઉતાવળ નથી.

ડૉક્ટરે વિરોધ નોંધાવતાં કહ્યું, પણ તમારો ચેપ બીજાને લાગે તેનું શું?

ગાંધીજી : તો તેમને ઈન્જેક્શન આપો.

ડૉક્ટર પોતાનું હાસ્ય ખાળી શક્યા નહીં. તેમનો રોષ ઓગળી ગયો.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

પુલકિત કરનારા અખબારી લેખોમાં ઘટનાઓની 'ટૂંકી ને ટચ' રજૂઆત



પુસ્તક પરિચય
નટવર હેડાઉ

વિચારોની પાંખડીઓ ખુલતી જાય અને લાંબુલચ લખાતું જાય એવું તો ઘણી વખત બનતું જ હોય છે. પરંતુ વિચારો, સંવેદનો અને કલ્પનાઓના રંગબેરંગી ફૂલોનો ગુલદસ્તો કોઈ તમારા હાથમાં મૂકે ત્યારે દળદાર ૨૭૨ પાનાંનું પુસ્તક જોઈ એમ થાય, આટલું લાંબુંલચ અને છતાં તેનું શિર્ષક હોય 'ટૂંકું ને ટચ' તો ખરેખર આશ્ચર્ય જ થાય ને !

'ટૂંકું ને ટચ' પુલક ત્રિવેદીનું તેમના અખબારી લેખો 'આત્મનાદ'માંથી ચયન કરી તૈયાર થયેલું પ્રથમ પુસ્તક છે. જેને જય વસાવડા જેવા લેખકે જિંદગીને શાબાશ કહી, મનગમતું આકાશ ઉઘાડીને પુલકિત કરતી પ્રેરણા તરીકે છેલ્લા પૃષ્ઠ પર બિરદાવતાં લખ્યું છે કે 'સરળ ભાષા અને રસાળ શૈલી એમની પોતાની આગવી તાકાત છે. પણ જે વાસ્તવવાદી હકારાત્મક અભિગમ અને આખી દુનિયા ફરતેત આંટો મારતા વાચનના દોહનમાંથી જે દૃષ્ટાંત નવનીત અહીં પાને પીને પીરસાયું છે તે એ વાંચતી વખતે હું પુસ્તકને બદલે અરીસો જોતો હોઉં એવું લાગ્યું.' દરેક લેખમાં ફક્ત બોરિંગ ઉપદેશ ન આપતાં સ્વાદિષ્ટ બનાવ્યો છે. ક્યાંક બે મિત્રો વચ્ચેનો સહજ સંવાદ રચ્યો છે. ક્યાંક ઉત્સુકતા જગાડતી વાર્તાકથનની શૈલીનો ઉપયોગ કરી જેને પકડી રાખવાની કોશિષ કરી છે. અઢળક કિસ્સાઓ છે જેને પશ્ચિમની પાંખો અને પૂર્વની આંખોના કોમ્બિનેશન જેવું રૂપ મળ્યું છે. કોઈ સરહદ વિના માત્ર માનવતા અને પ્રેરણાની અનહદ ગાથાઓ આલેખી છે. જેના કુલ ૭૨ લેખો છે.

સંવેદના, સંસ્કાર અને સંસ્કૃતિના સંગી તરીકે લેખકને ઓળખાવતાં જાણીતા કટારલેખક ભવેન કચ્છી તેની વાત કરતાં કહે છે કે 'સરળ શૈલીમાં, રસપ્રદ પ્રસંગો અને તર્ક સાથે સમાજને દિશા મળે તેવા મૌલિક વિચારો અને રજૂઆતથી લેખ, વાચક લચપચતો શીરો ગળામાં ઉતરી જાય તેમ માણે તો ખરો જ પણ પેટમાં પડ્યો પડ્યો ગુણ કરે એ જ ધોરણે નિયમિત તેમને વાંચનારો વાચક તેમનો સંગી બની રહે.' વાત ટૂંકી, ટચ સોનેરી ! અદલ પુસ્તકના મુખપૃષ્ઠ જેવો. તેથી જ ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા પણ લખે છે કે 'પુલકભાઈ અમલદાર તો છે જ, પણ સમજદાર છે. એવી ઓળખ મેળવવી હોય તો આ પુસ્તક સૌએ વાંચવું જ રહ્યું. તેમનું લેખન તરોતાજા સંવેદનાની ત્રિજ્યામાં અને પ્રેરણાના પરિઘમાં સમાવિષ્ટ રહે તેવું અને તેટલું રાખ્યું છે. તેમનામાં વિચારલેખો કે નિબંધો જેવા નીરસ લખાણોને પણ વાર્તા જેવા રસિક અને ચુંબકીય બનાવવાનું કૌશલ્ય છે. દૃષ્ટાંતોના વૈવિધ્યનો નજારો પણ નજર ઠારે તેવો છે. આવાં પુસ્તક માત્ર નિજાનંદ માટે લખાતાં હોતાં નથી. પુસ્તકના કલેવરમાંથી જનસામાન્યની સેવાની સૌરભ પણ પ્રગટતી હોય છે.'

પુસ્તક વિષે પોતાનું નિવેદન આપતાં લેખક લખે છે કે 'ટૂંકી ને ટચ' મારી વાત. જેમાં સ્વપ્ન અને વાસ્તવિકતા વચ્ચે ઝોલાં ખાતી હૃદયની લાગણીઓને શબ્દદેહે રજૂ કરતાં અંતરના આનંદની અનુભૂતિઓનાં પગથિયાં પડતાં લેખકના જીવનમાં જ્યારે કોઈ પ્રશ્નો આવ્યા છે ત્યારે ઉકેલ માટે ફાંફા મારવાને બદલે ચિત્તને આનંદ આપનાર પ્રસંગોથી મઢવાની લેખકે નિષ્ઠાપૂર્વક કોશિષ કરી છે તે જિંદગીને જોવાના દૃષ્ટિકોણ બદલવાની બસ 'ટૂંકી ને ટચ' વાત અહીં મળે છે.

માત્ર એક અખબારના વાયકોની મર્યાદાના વ્યાપમાંથી લેખકના વિચારોને પુસ્તક દ્વારા જે આકાશની વિશાળતા પ્રાપ્ત થઈ છે તેને બિરદાવું છું અને અભિનંદું છું.

ટૂંકું ને ટચ : લેખક - પુલક ત્રિવેદી
પ્રકાશક - નવભારત પબ્લિકેશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯, કિંમત - રૂા. ૫૦૦.૦૦